હદીસ બોધ

આપવાવાળા હાથ લેવાવાળા હાથથી બહેતર છે.

(હદીસ બોધ)

બોધ વચન

ફરજ બજાવવી એ એક પ્રાર્થના જ છે. - બેનેડીકટ

આજની આરસી

૪ એપ્રિલ ગુરૂવાર ૨૦૨૪
૨૪ રમઝાન હિજરી ૧૪૪૫
ફાગણ વદ દસમ સંવત ૨૦૮૦
સુબ્હ સાદિક ૫-૦૯
ખત્મે ઝવાલ ૧૨-૪૩
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૬-૩૦
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૬-૫૬

અગત્યની સૂચના

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી.

- વ્યવસ્થાપક

IPL 2024માં મયંક યાદવે પોતાની સ્પીડથી સનસનાટી ફેલાવી દીધી

મયંક વિશ્વકપમાં પણ આતંક મચાવવા તૈયાર

નવી દિલ્હી, તા.૩

આઈપીએલ ૨૦૨૪માં મયંક યાદવે પોતાની સ્પીડથી સનસનાટી ફેલાવી દીધી છે. પહેલા પંજાબ કિંગ્સ અને હવે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વિરુદ્ધ તેણે જે ધારદાર અંદાજમાં બોલિંગ કરી તેને જોઈ બેટ્સમેન કાંપવા લાગ્યા છે. લખનૌની ટીમ ગત બંને મેચમાં મયંક યાદવની દમધાર બોલિંગની

મદદથી જીત મેળવી છે. આવામાં હવે મયંકને લઈ કહેવાઈ રહ્યું છે કે, આઈપીએલ બાદ હવે ટી-૨૦ વિશ્વકપ માટે તેની ભારતીય ટીમમાં એન્ટ્રી થવાની છે. ટી-૨૦ વિશ્વકપનું આયોજન આજ વર્ષે વેસ્ટઇન્ડિઝ અને અમેરિકામાં થવાનું છે. મયંક જે સ્પીડ અને ધારથી બોલિંગ કરી રહ્યો છે તેનાથી ભારતીય ટીમમાં તેના ડેબ્યુની તક ઘણી વધી જાય છે. કારણ કે, વેસ્ટઇન્ડિઝની ઝડપી પિચો ઉપર મયંક પોતાની સ્પીડથી આંતક મચાવી શકે છે. આવામાં કપ્તાન રોહિત શર્મા અને બીસીસીઆઈ પસંદગીકારો મયંક પર નજીકથી નજર રાખી રહ્યા હશે. મયંક યાદવની સૌથી મોટી તાકત તેની સ્પીડ છે. સ્પીડના મામલામાં તે અનેક અન્ય મોટા દિગ્ગજોથી આગળ નીકળી ગયો છે. મયંક આઈપીએલ ઈતિહાસનો પ્રથમ બોલર છે. જેણે ત્રણ વખત ૧૫૫થી વધારેની સ્પીડથી બોલ ફેંકવાની સિદ્ધિ મેળવી છે. જ્યારે મયંકની સરેરાશ સ્પીડ ૧૫૦થી ૧૫૫ વચ્ચે રહી છે. આ જ કારણ છે કે, બેટ્સમેનોમાં મયંકના નામનો ભય પેદા થઈ ગયો છે. જે આરસીબી સામેની મેચમાં જોવા મળ્યો અને જો મયંકને ટી-૨૦ વિશ્વકપમાં તક મળશે તો તે ટીમ ઈન્ડિયા માટે એક્સ ફેક્ટર સાબિત થઈ શકે છે.

મયંકે રેકોર્ડ બૂકમાં પોતાનું નામ નોંધાવ્યું

અનકેપ્ડ મયંક યાદવે તહેલકો મચાવ્યો ૧૫૬.૭ કિ.મી.ની ઝડપે તોફાની બોલ ફેંક્યો

મયંક યાદવનો આ બોલ આ IPL સિઝનમાં અત્યાર સુધીનો સૌથી ઝડપી અને ટુર્નામેન્ટના ઈતિહાસનો ચોથો સૌથી ઝડપી બોલ હતો

બેંગ્લોર, તા.૩ : આ આઈપીએલ સિઝનમાં પોતાની તીવ્ર સ્પીડથી ખળભળાટ મચાવનાર અનકેપ્ડ લખનૌ સુપર જાયન્ટ્સનો ઝડપી બોલર મયંક યાદવે મોટો રેકોર્ડ બનાવ્યો છે. દિલ્હીના ૨૧ વર્ષીય ખેલાડીએ બેંગ્લોર વિરુદ્ધ ૩/૧૪નો અવિશ્વસનીય આંકડો નોંધાવ્યો અને પોતાની ટીમને બેંગ્લોર સામે ૨૮ રને જીત અપાવી. મયંકે ૧૮૨ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી આરસીબીને હલાવી નાંખ્યું અને ત્રણ મહત્ત્વપૂર્ણ વિકેટ ઝડપી પોતાની ટીમને ચિન્નાસ્વામીમાં આસાન વિજય અપાવ્યો. તેના સનસનીખેજ સ્પેલ માટે તેને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરાયો છે. તેણે પોતાની ચાર ઓવરમાં રજત પાટીદાર, મેક્સવેલ અને કેમરૂન ગ્રીનને આઉટ કર્યા. જેમાં ૧૫૬.૭ કિ.મી. પ્રતિ કલાકની ગતિનો તોફાની બોલ પણ સામેલ હતો જે આ આઈપીએલ સિઝનમાં અત્યાર સુધીનો સૌથી ઝડપી બોલ અને ટુર્નામેન્ટના ઈતિહાસમાં ચોથો સૌથી ઝડપી હતો. લખનૌના એકાના ક્રિકેટ સ્ટેડિયમમાં પંજાબ કિંગ્સ વિરુદ્ધ લખનૌની ગત મેચમાં યાદવે પોતાના આઈપીએલ ડેબ્યુમાં ૨૭ રન આપી ત્રણ વિકેટ ઝડપી હતી. તેની પ્લેયર ઓફ ધ મેચ તરીકે પસંદગી કરવામાં આવી હતી. પોતાની પ્રથમ બે આઈપીએલ મેચોમાં સતત ત્રણ વિકેટ લેવાની સાથે મયંક આવું કરનાર ટુર્નામેન્ટના ઈતિહાસને છઠ્ઠો બોલર બની ગયો. આ પહેલા આ સિદ્ધિ મેળવનાર અન્ય બોલરોમાં લસિથ મલિંગા, અમિત સિંહ, મયંક માકર્ડે અને જોફ્રા આર્ચર હતા.

આન્દ્રે રસેલ પ્રથમ, જ્યારે પૂરન બીજા સ્થાને

નિકોલસ પૂરને ૮૮૪ બોલ રમી પોતાની ૧૦૦ સિક્સર પૂરી કરી

નવી દિલ્હી, તા.૩

ઈન્ડિયન પ્રીમિયર લીગમાં દર વર્ષે રેકોર્ડ બને છે અને તૂટે છે. જો આપણે ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૪ પર નજર કરીએ તો લગભગ દરેક મેચમાં કોઈને કોઈ ખેલાડી નવા રેકોર્ડ બનાવી રહ્યા છે. ૨ એપ્રિલના રોજ યોજાયેલી RCB vs LSG મેચમાં નિકોલસ પૂરને તેની IPL કરિયરમાં ૧૦૦ સિક્સર પૂરી કરી છે. આમ કરવામાં તેણે ઘણા દિગ્ગજોને પાછળ છોડી દીધા છે. પૂરને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામે માત્ર ૨૧ બોલમાં ૪૦ રનની તોફાની ઈનિંગ રમી હતી, જે દરમિયાન તેણે માત્ર ૧ ફોર અને પાંચ સિક્સર ફટકારી હતી. નિકોલસ પૂરન હવે એવા ખેલાડીઓની યાદીમાં સામેલ થઈ ગયો છે જેણે આઈપીએલમાં ૧ હજારથી ઓછા બોલમાં ૧૦૦ સિક્સર ફટકારી છે. ઈન્ડિયન પ્રીમિયર લીગમાં સૌથી ઓછા બોલ રમીને ૧૦૦ સિક્સર પૂરી કરવાનો રેકોર્ડ આન્દ્રે રસેલના નામે છે. રસેલે પોતાની કારકિર્દીમાં માત્ર ૬૫૮ બોલ રમીને ઈન્ડિયન પ્રીમિયર લીગમાં ૧૦૦ સિક્સર પૂરી કરી હતી. આન્દ્રે રસેલે ઈન્ડિયન પ્રીમિયર લીગમાં અત્યાર સુધીમાં કુલ ૨૦૦ સિક્સર ફટકારી છે. આ લિસ્ટમાં આન્દ્રે રસેલ પછી નિકોલસ પૂરન બીજું સ્થાન મેળવ્યું છે. પૂરન ૨૦૧૯થી આઈપીએલમાં રમી રહ્યો છે અને તેણે ૧૦૦ સિક્સર પૂરી કરવા માટે ૮૮૪ બોલ રમ્યા છે. પૂરને તેની ઈન્ડિયન પ્રીમિયર લીગ કરિયરમાં ૬૫ મેચમાં ૧૦૩ સિક્સર ફટકારી છે. પૂરને ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૪માં અત્યાર સુધી માત્ર ૩ મેચમાં ૧૨ સિક્સર ફટકારી છે. ઈન્ડિયન પ્રીમિયર લીગના ઈતિહાસમાં અત્યાર સુધી સૌથી વધુ સિક્સર ફટકારનાર ખેલાડી ક્રિસ ગેઈલે ૧૦૦ સિક્સર પૂરી કરવા માટે ૯૪૪ બોલ રમ્યા હતા. ગેલે તેની ઈન્ડિયન પ્રીમિયર લીગ કરિયરમાં ૩૫૭ સિક્સર ફટકારી હતી જે પોતાનામાં એક રેકોર્ડ છે. આ લીગમાં અત્યાર સુધીમાં ૩૦૦થી વધુ સિક્સર મારનાર ગેઈલ એકમાત્ર ખેલાડી છે. લખનૌ સુપર જાયન્ટ્સે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરને ૧૮૨ રનનો ટાર્ગેટ આપ્યો છે. ટોસ હાર્યા બાદ પ્રથમ બેટિંગ કરતા લખનૌએ ૨૦ ઓવરમાં પાંચ વિકેટ ગુમાવીને ૧૮૧ રન બનાવ્યા હતા. નિકોલસ પૂરને ૨૧ બોલમાં એક ફોર અને પાંચ સિક્સરની મદદથી ૪૦ રનની ઈનિંગ રમી હતી. લખનૌએ છેલ્લી પાંચ ઓવરમાં બે વિકેટ ગુમાવીને ૫૦ રન બનાવ્યા હતા, જેમાં ૧૯મી ઓવરમાં ૨૦ રન અને ૨૦મી ઓવરમાં ૧૩ રન સામેલ છે.

બ્રેસવેલને પહેલીવાર કેપ્ટનશીપ મળી

પાકિસ્તાન વિરુદ્ધ ટી-૨૦ સિરીઝ માટે ન્યુઝીલેન્ડની ટીમ જાહેર

ઓકલેન્ડ, તા.૩ : ન્યુઝીલેન્ડે પોતાના ટોચના ખેલાડીઓના આઈપીએલમાં વ્યસ્ત હોવાના કારણે પાકિસ્તાન વિરુદ્ધ આ મહિને શરૂ થનારી પાંચ મેચની ટી-૨૦ સિરીઝ માટે ઓલરાઉન્ડર માઈકલ બ્રેસવેલને કપ્તાન નિયુક્ત કર્યા છે. આવું પહેલીવાર બનશે જ્યારે ૩૩ વર્ષીય બ્રેસવેલ ન્યુઝીલેન્ડની કેપ્ટનશીપ કરશે. ન્યુઝીલેન્ડના ટ્રેન્ટ બોલ્ટ, ડેવોન કોનવે, લોકી ફર્ગ્યુસન, મેટ હેનરી, ડેરિલ મિશેલ, ગ્લેન ફિલિપ્સ , રચિન રવિન્દ્ર, સેન્ટર અને વિલિયમસન જેવા ખેલાડી આઈપીએલમાં રમી રહ્યા છે. જ્યારે આગામી વ્યસ્ત કાર્યક્રમને જોતા ટિમ સાઉથીના નામ પર વિચાર કરવામાં આવ્યો નથી. ઈજાગ્રસ્ત હોવાના કારણે બ્રેસવેલ ગત વર્ષ માર્ચથી બહાર હતો. તેણે બે વર્ષ પહેલા જ પોતાની પ્રથમ ટી-૨૦ આંતરરાષ્ટ્રીય મેચ રમી હતી. તેણે બધી ફક્ત ૧૬ આંતરરાષ્ટ્રીય મેચ રમી છે. ન્યુઝીલેન્ડની ટીમમાં ગત વર્ષ ટી-૨૦ વિશ્વકપમાં રમનાર સાત ખેલાડી સામેલ છે. આ ઉપરાંત ટીમમાં બેટ્સમેન રોબિન્સન અને ઝડપી બોલર વિલ ઓરૂર્કેના રૂપમાં બે નવા ચહેરા પણ સામેલ છે. **ટીમ :-** માઈકલ બ્રેસવેલ (કપ્તાન), ફિન એલન, માર્ક ચેપમેન, ક્લાર્કસન, જેકબ ડફી, ફોક્સક્રોફ્ટ, લિસ્ટર, મૈકકોન્ચી, એડમ મિલ્ને, નીશમ, વિલ ઓરૂર્કે, રોબિન્સન, બેન સિયર્સ, સીફર્ટ, સોઢી.

પશ્ચિમ રેલવે

ઓથોરિટી એન્જીનીયરની નિમણુંક

નીચેના કામો માટે ડીવાય.સી.ઈ (બ્રિજ-લાઈન)-દાદર, પશ્ચિમ રેલ્વે દ્વારા ઈ-ટેન્ડરો આમંત્રિત કરવામાં આવ્યા છે. **ઈ-ટેન્ડર નંબર DYCE-BR-DDR-2024-02. કામનું નામ** "અર્થવર્ક, ટ્રેક વર્ક અને સંકળાયેલ સિવિલ વર્કસ સહિત નવા સેરેખણ પર મહત્વપૂર્ણ બ્રિજ નંબર **313** પર અને ડાઉન લાઈનના બાંધકામ માટે પ્રોજેક્ટ મેનેજમેન્ટ સેવાઓ પ્રદાન કરવા માટે ઓથોરિટી એન્જિનિયરની નિમણૂક (ચેઈનેજ **Rly KM 188+200થી Rly KM 189 + 500** સુધી)."પશ્ચિમ રેલ્વે પર મુંબઈ ડિવિઝનના વિરાર-સુરત વિભાગમાં ૧૬૦કિમી પ્રતિ કલાકની ઝડપ વધારવાના સંબંધમાં પારદી સ્ટેશ **અને** અતુલ સ્ટેશન વચ્ચે આશરે. **કિંમત:** રૂા.**2,39,59,141.26. ઇએમડી:** રૂા.**1,19,800/-. ઈ-ટેન્ડર સબમિટ કરવાની અને ઈ-ટેન્ડર ખોલવાની તારીખ અને સમય: ઓનલાઈન ટેન્ડર 03.05.2024**ના રોજ **15.00** કલાક પહેલાં સબમિટ કરવાનું છે, અને તે જ તારીખે ખોલવાનું છે; **03.05.2024 15.30** કલાકે. વેબસાઈટની વિગતો અને સ્થાન માટેની સૂચના જ્યાં સંપૂર્ણ વિગતો જોઈ શકાય વગેરે. વેબસાઈટ **@www.ireps.gov.in**

Dy. CE (Br), પશ્ચિમ રેલ્વે, દાદર. 0009

અમને લાઇક કરો: facebook.com/WesternRly

ટેગ ઓફશોર લિમિટેડની લિક્વિડેશન એસ્ટેટનો ભાગ શ્વેતા દ્વારા સરળતાથી પ્રાપ્ત ન થઈ શકે તેવી અસ્કયામતના સ્થાનાંતરણ/સોંપણી માટેનું રૂચિની અભિવ્યક્તિ માટેનું આમંત્રણ(લિક્વિડેશન હેઠળ)

(માનનીય નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ, મુંબઈ બેંચ દ્વારા તારીખ ૨૬ સપ્ટેમ્બર ૨૦૧૬ના રોજ પસાર કરવામાં આવેલ આદેશ)

નાદારી અને નાદારી સંહિતા ૨૦૧૬ ("IBC") અને તેના હેઠળના નિયમો હેઠળ સામાન્ય રીતે જાહેર જનતાને આથી નોટિસ આપવામાં આવે છે કે, 'નોટ-રેઝીલી રીલીઝેબલ એસેટ્સ' ('NRRA') એ **ટેગ ઓફશોર લિમિટેડ (ફડ્યામાં)**-ની નીચે ઓળખી અને આવરી લેવામાં આવી છે.) ("કોર્પોરેટ દેવાદાર") નીચેના કોષ્ટકમાં દર્શાવેલ છે કે ભારતીય નાદારી અને નાદારી બોર્ડ (લિક્વિડેશન પ્રોસેસ) રેગ્યુલેશન્સ ૨૦૧૬ ("લિક્વિડેશન પ્રોસેસ રેગ્યુલેશન્સ")ના શેડ્યૂલ I સાથે વાંચેલા રેગ્યુલેશન 37A હેઠળ ટ્રાન્સફર/સોંપવાની દરખાસ્ત છે. રસ ધરાવતા અરજદારો https://tagoffshore.in/ પર ઉપલબ્ધ વિગતવાર પ્રક્રિયા માહિતી દસ્તાવેજનો સંદર્ભ લઈ શકે છે.

અરજદાર (રો) દ્વારા સહાયક દસ્તાવેજો અને **EMD** સાથે **EOI** સબમિશન	૧૨ એપ્રિલ-૨૦૨૪
લિક્વિડેટર દ્વારા **EOI,** સહાયક દસ્તાવેજો અને **EMD** ની ચકાસણી	૧૭ એપ્રિલ, ૨૦૨૪
લિક્વિડેટર દ્વારા પાત્ર અરજદારને સૂચના	૧૭એપ્રિલ, ૨૦૨૪
NRR એસેટ પર લાયકાત ધરાવતા અરજદાર(રો) દ્વારા ડ્યૂ ડિલિજન્સની શરૂઆત અને મુલાકાત	૧૭એપ્રિલ, ૨૦૨૪
બિડ સબમિટ કરવાની છેલ્લી તારીખ	૨૪ એપ્રિલ-૨૦૨૪
સંપત્તિની વિગતો	ટેગ ટેગ શ્વેતા

મૂળભૂત નિયમો અને શરતો (T&C)

૧. **NRRA**ની સોંપણી/ટ્રાન્સફર કોઈપણ પ્રતિનિધિત્વ, વોરંટી અથવા ન્યૂકસાની અને ટ્રાન્સફરના વેચાણ વિના "જેમ છે તે પ્રમાણે", "જેમ છે ત્યાં", "જે કંઈ પણ આધાર છે" અને "કોઈ ઉપાય આધાર" પર કરવામાં આવશે. **SCC** સાથે પરામર્શ કર્યા પછી થશે.
૨. આવી સોંપણી લિક્વિડેશન પ્રોસેસ રેગ્યુલેશન્સના શેડ્યૂલ 1 સાથે વાંચવામાં આવેલી **IBC** ૨૦૧૬ ની જોગવાઈઓને આધીન રહેશે, ખાસ કરીને કલમ ૨૯એ અને તે હેઠળ બનાવેલા નિયમો.
૩. આ સૂચના "કિયા માહિતી દસ્તાવેજ" સાથે વાંચવામાં આવશે જે **www.tagoffshore.in** પર ઉપલબ્ધ છે.
૪. લિક્વિડેટરને કોઈપણ કારણ આપ્યા વિના કોઈપણ દરખાસ્તને નકારી કાઢવાનો અધિકાર રહેશે. માત્ર **EOI** અથવા દરખાસ્તની રજૂઆતને **NRRA**ની ફાળવણી તરીકે "ગણવામાં આવશે નહીં.
૫. લિક્વિડેટર કોઈપણ કારણ આપ્યા વિના અને કોઈપણ જવાબદારી વિના પ્રક્રિયાને રદ કરવાનો અથવા તેમાં ફેરફાર કરવાનો અધિકાર અનામત રાખે છે.
૬. આ ઓફર દસ્તાવેજ નથી.

સુદીપ ભટ્ટાચાર્ય,
ટેગ ઓફશોર લિમિટેડના લિક્વિડેટર
IBBI નોંધણી નં. IBBI/IPA-003/IP-P0080/2017-18/10703
ઇમેઇલ પ્રક્રિયા : liquidator.tagoffshore@duffandphelps.com
C/o - કોલ એડવાઈઝરી પ્રાઈવેટ લિમિટેડ, ૧૪મો માળ, રાજેશ ટાવર્સ, બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સ, બાંદ્રા ઈસ્ટ, મુંબઈ- **400 051**
IBBI રજિસ્ટર્ડ ઇમેઇલ: resolutionsudip@gmail.com
IBBI રજિસ્ટર્ડ સરનામું: ૧૦૩, Queensgate CHS, હિરાનંદાની એસ્ટેટ, ઓક. ઘોડબંદર રોડ, થાણે (પ), મુંબઈ - ૪૦૦ ૦૬૭
વેબસાઇટ: www.tagoffshore.in

મહબુબાબાદમાં દલિત યુવક સાથે મારામારીના આરોપમાં સાતની ધરપકડ

(એજન્સી)

મહબુબાબાદ, તા.૩

૧૯ માર્ચે કોટ્ટા ગુડા મંડલના પોગુલાપલ્લી ગામમાં એક દલિત યુવાનનું અપહરણ કરવા, દુર્વ્યવહાર કરવા અને તેની પર હુમલો કરવાના આરોપમાં સોમવારે સાત લોકોની ધરપકડ કરવામાં આવી. મહબુબાબાદ ડીએસપી થિરૂમલ રાવે એક નિવેદનમાં જણાવ્યું કે, ગડ્ડે સ્વામી, અટ્ટુકુરી હરીશ, ચેવ્વા શિવા, વટ્ટમ નાગરાજ, ગુગ્ગિલા નરસિયા, બરાઈબોયિના અશોક અને ગાજુલા વેંકટેશ્વરલુની ગુંજેડુ ગામના વેંકલાયા કાર્તિકની વિરુદ્ધ હુમલાની તપાસ પછી ધરપકડ

કરવામાં આવી હતી. મામલામાં જે બે અન્ય લોકો પર કેસ દાખલ કરવામાં આવ્યો હતો તે અત્યારે પણ ફરાર છે. રાવે જણાવ્યું કે, ૯ લોકોની વિરુદ્ધ પહેલાથી જ અપહરણ, ગંભીર રીતે ઘાયલ કરવા અને જાતિસૂચક નામનો ઉપયોગ કરી અપશબ્દો બોલવાનો કેસ દાખલ કરવામાં આવ્યો છે.

તેમણે ચેતવણી આપી કે ગેરકાયદેસર ગતિવિધિઓ કરનારાઓની વિરુદ્ધ સખ્ત કાર્યવાહી કરવામાં આવશે.

૯ લોકોએ કાર્તિકનું અપહરણ કરી તેમની પર હુમલો કર્યો અને આરોપ લગાવ્યો કે લગ્ન સમારોહમાં ઉપયોગ થતું તેમનું મ્યુઝિક સિસ્ટમ ચોરી લીધું છે.

અમદાવાદમાં આજે પંજાબ કિંગ્સ અને ગુજરાત ટાઈટન્સ વચ્ચે મુકાબલો

અમદાવાદ, તા.૩ : મયંક યાદવની તોફાની બોલિંગ સામે ધરાશાયી થયેલા પંજાબના બેટિંગક્રમને ગુરૂવારે અહિંયા નરેન્દ્ર મોદી સ્ટેડિયમની ધીમી પિચ પર ગુજરાત ટાઈટન્સના બોલરોના આકરા પડકારનો સામનો કરવો પડશે. પંજાબ કિંગ્સે વિરોધીના મેદાન પર પોતાની ગત બંને મેચ ગુમાવી છે અને ટાઈટન્સ વિરુદ્ધ હારથી તેનો માર્ગ મુશ્કેલ બની શકે છે. બીજી બાજુ ગુજરાત ટાઈટન્સની ટીમ ગત મેચમાં સનરાઈઝ હૈદરાબાદને સાત વિકેટે હરાવ્યા બાદ આત્મવિશ્વાસથી ભરેલી હશે. પંજાબ કિંગ્સની ટીમ પાસે ગત મેચમાં મયંકની સ્પીડનો કોઈ જવાબ ન હતો. મયંક બેટ્સમેનોના શરીરને ટાર્ગેટ બનાવી બોલિંગ કરી રહ્યો છે જેનાથી તેમને ઘણી પરેશાની થઈ રહી છે. પંજાબને આ ઉપરાંત રાશિદ ખાન અને નુર અહેમદની સ્પિન બોલિંગનો પણ સામનો કરવો પડશે. પંજાબની બેટિંગથી વધારે ચિંતાનો વિષય તેની બોલિંગ છે.

બલિયા : દલિત યુવતી પર પહેલાં બળાત્કાર ગુજાર્યો અને પછી તેને જાનથી મારી નાખવાની ધમકી આપી

(એજન્સી) તા.૩

બલિયા જિલ્લાના બૈરિયા વિસ્તારમાં એક દલિત છોકરી પર બળાત્કાર કરવા બદલ તે જ ગામના એક યુવકની ધરપકડ કરવામાં આવી હતી. અહેવાલમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, બૈરિયા પોલીસ સ્ટેશન વિસ્તારના એક ગામમાં રહેતી ૨૨ વર્ષની દલિત યુવતી પર તેના ગામના રહેવાસી લગન દેવ યાદવે (૩૪) ૭ માર્ચે બળાત્કાર ગુજાર્યો હતો અને જો તેણીએ કોઈને કહ્યું તો જાનથી મારી નાખવાની ધમકી આપી. છોકરીની માતાની ફરિયાદ પર યાદવ વિરુદ્ધ બળાત્કાર અને ધમકીના આરોપમાં કેસ નોંધવામાં આવ્યો હતો અને પછી તેની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસ આ મામલે તપાસ કરી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

દલિત દંપતી પર હુમલો થયો, છેડતી થઈ; કેસ નોંધાયો

ધોલપુર જિલ્લામાં દલિત દંપતી પર મારપીટ અને છેડતીની ઘટના સામે આવી હતી, ઘટના બાદથી આરોપી ફરાર છે, પોલીસ તેને પકડવા પ્રયાસ કરી રહી છે

(એજન્સી) ધોલપુર, તા.૩

અંગાઈ જિલ્લાના પોલીસ સ્ટેશન વિસ્તારના એક ગામમાં દલિત દંપતી પર હુમલો અને છેડતીનો મામલો સામે આવ્યો હતો. આ ઘટના હોળીના દિવસે બની હોવાનું કહેવાય છે. દંપતીએ આરોપી વિરૂદ્ધ પોલીસમાં કેસ દાખલ કર્યો હતો. સર્કલ ઓફિસર નરેન્દ્ર કુમારે જણાવ્યું હતું કે, પીડિત ૨૫ માર્ચે તેની પત્ની અને પુત્રીને ડૉક્ટરને મળવવા હૉસ્પિટલ લઈ જઈ રહ્યો હતો. રસ્તામાં તેઓ ગામમાંથી એક બાઈક સવાર યુવકને મળ્યા હતા. તેણે પીડિતોને જાતિ સંબંધી શબ્દોનો ઉપયોગ કરીને માર માર્યો હતો. જ્યારે પત્ની તેના પતિને બચાવવા દોડી તો આરોપીએ તેને પણ માર માર્યો અને છેડતી કરી. પતિ-પત્નીને ધમકી આપીને આરોપી ફરાર થઈ ગયો હતો. પીડિત દંપતીએ આંગઈ પોલીસ સ્ટેશનમાં આરોપીઓ વિરૂદ્ધ કેસ નોંધાવ્યો હતો. સરમથુરાના સીઓ નરેન્દ્ર કુમારે જણાવ્યું કે, દંપતીએ આપેલી ફરિયાદ પર નામાંકિત આરોપીઓ વિરૂદ્ધ કેસ નોંધવામાં આવ્યો હતો. તેની સામે મારપીટ તેમજ છેડતીના ગંભીર આરોપો છે. મહિલાનું લેખિત નિવેદન લેવામાં આવ્યો હતો. ઘાયલ દંપતીની મેડિકલ તપાસ પણ કરવામાં આવી હતી. ઘટના બાદ આરોપી ગામમાંથી ફરાર થઈ ગયો છે. પોલીસ આરોપીઓના સંભવિત ઠેકાણાઓ પર સતત દરોડા પાડી રહી છે. તેમણે કહ્યું કે, ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

હરાજી વેચાણ નોટિસ

એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ

CIN: U67100MH2007PLC174759

રજિ. કાર્યાલય : એડલવાઈસ હાઉસ, પહેલો માળ, ઓફ સીએસટી રોડ, કલીના, મુંબઈ-૪૦૦૦૯૮.

નાણાકીય અસ્કયામતોના સિક્યોરિટાઇઝેશન અને પુનઃનિર્માણ અને સુરક્ષા હિત અધિનિયમ, ૨૦૦૨ના અમલ હેઠળ સ્થાવર સુરક્ષિત અસ્કયામતોના વેચાણ માટેની ઇ-ઓક્શન વેચાણ નોટિસ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ ("નિયમો")ના નિયમ ૮(૬) અને ૯(૧)ની જોગવાઈ સાથે વાંચો

નીચે દર્શાવેલ **વિવિધ વેચાણ સંસ્થાઓ**ની નાણાકીય સુવિધાઓ (ત્યારબાદ "સોંપનાર" તરીકે ઓળખવામાં આવે છે) એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડને સોંપવામાં આવી છે જે તેની ક્ષમતામાં **વિવિધ ટ્રસ્ટીઓ**ના ટ્રસ્ટીઓ તરીકે પૂરી પાડવામાં આવેલ કોલમમાં સ્પષ્ટપણે ઉલ્લેખિત છે. આ અસાઈનમેન્ટના અનુસંધાનમાં, EARCએ અસાઈનરના સાથેના સુરક્ષિત લેણદાર તરીકે તેના અધિકારોનો ઉપયોગ કર્યો. તે **EARC,** સુરક્ષિત લેણદાર તરીકેની તેની ક્ષમતામાં, SARFAESI એક્ટના ૧૩(૪) અને ત્યાંના નિયમો હેઠળ નીચે જણાવેલ સ્થાવર સુરક્ષિત સંપત્તિનો કબજો લીધો હતો.

૩૦ દિવસની સૂચના આથી સામાન્ય રીતે જાહેર જનતાને અને ખાસ કરીને દેણદાર, સહ-સહ-દેણદાર અને બાંયધરી આપનાર(ઓ)ને આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર સુરક્ષિત અસ્કયામતો સિક્યોર લેણદારની તરફેણમાં ગીરો છે,જેનો ભૌતિક કબજો સિક્યોર્ડ કેડિટરના અધિકૃત અધિકારી (AO) દ્વારા લેવામાં આવ્યો છે, તે રકમની વસૂલાત માટે **"જેમ છે ત્યાં", "જેમ છે તેમ"** અને **"જે છે તે"** આધારે વેચવામાં આવશે. ઉધાર લેનાર અને બાંયધરી આપનાર પાસેથી EARC દ્વારા મેળવેલા કોઈપણ નાણાં માટે વધુ વ્યાજ અને તેના પરના અન્ય ખર્ચાઓ/ખર્ચો સાથે **EARC**ને લીધે નીચે ઉલ્લેખ કર્યો છે. દરેક મિલકત માટે અનામત કિંમત અને અર્નેસ્ટ મની ડિપોઝિટ નીચે ઉલ્લેખિત છે.

ઈ-ઓક્શન માટે મૂકવામાં આવેલી સુરક્ષિત સંપત્તિની વિગતો :

લોન એકા. નં./ વેચાણની સંસ્થા	દેણદાર અને સહ-દેણદારના નામ	ટ્રસ્ટનું નામ	બેંકનું નામ અને શાખા, એકા.નં. અને IFSC કોડ	૦૩-૦૪-૨૦૨૪ના રોજ કુલ બાકી દેવા
HL/0104/H/13/000110/ HL/0104/H/13/000126/ HL/0104/H/13/000125/ પૂનાવાલા ફિનકોર્પ લિમિટેડ	શ્રેમિક કિરીટલાલ શેઠ (દેણદાર) જ્યોતીબેન શ્રેમિક શેઠ અને શ્રી રાજેન્દ્ર મોઠાઇલ પોઈન્ટ ("સહ-દેણદાર")	ઈએચઆરસી ટ્રસ્ટ-એસસી-૪૨૩	આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ, નરીમન પોઈન્ટ : ૦૦૦૨૦૫૨૨૮૨૦; આઈસીઆઈસીઆઈ૦૦૦૦૦૪	રૂા.૧,૬૧,૬૨,૫૮૫.૧૬/- લોન એકા.નં. HL/0104/H/13/000110/ માટેઅને રૂા.૭૭,૬૨,૩૬૬.૩૧/- લોન એકા.નં. HL/0104/H/13/000126/ માટે અને રૂા.૭૬,૪૩,૮૮૪.૭૩/- લોન એકા.નં. HL/0104/H/13/000125 માટે

કમ નં.	મિલકતનું વર્ણન	અનામત રકમ (ભા.રૂા.)	ઈએમડી (ભા.રૂા.)	હરાજીની તારીખ અને સમય	કબજાનો પ્રકાર
મિલકત નં.૧	**પ્લોટ નં.૧ :** ક્ષેત્રફળ ૨૧૦ ચો.વાર, ફ્રુવતલ, મહુડી રોડ, બ્લોક નં.૫૪ ક્ષેત્રફળ ૧૯૯૪૪ ચો.મી., મોજે ખાતે : અલુવા, કલોલ, ગાંધીનગર અને નીચે મુજબ ખૂંટ : પૂર્વ : ગાર્ડન અને રોડ, પશ્ચિમ : પ્લોટ નં.૨૩, ઉત્તર : બાઉન્ડ્રી વોલ, દક્ષિણ: પ્લોટ નં.૨ **પ્લોટ નં.૨ :** ક્ષેત્રફળ ૧૪૧.૪૦ ચો.વાર, ફ્રુવતલ, મહુડી રોડ, બ્લોક નં.૫૪ ક્ષેત્રફળ ૧૯૯૪૪ ચો.મી., મોજે ખાતે : અલુવા, કલોલ, ગાંધીનગર અને નીચે મુજબ ખૂંટ : પૂર્વ : ગાર્ડન અને રોડ, પશ્ચિમ : રોડ, ઉત્તર : પ્લોટ નં.૧, દક્ષિણ : પ્લોટ નં.૩ **પ્લોટ નં.૩ :** ક્ષેત્રફળ ૧૪૧.૪૦ ચો.વાર, ફ્રુવતલ, મહુડી રોડ, બ્લોક નં.૫૪ ક્ષેત્રફળ ૧૯૯૪૪ ચો.મી., મોજે ખાતે : અલુવા, કલોલ, ગાંધીનગર અને નીચે મુજબ ખૂંટ : પૂર્વ : ગાર્ડન અને રોડ, પશ્ચિમ : રોડ, ઉત્તર : પ્લોટ નં.૨, દક્ષિણ : રોડ **પ્લોટ નં.૨૩ :** ક્ષેત્રફળ ૨૧૧.૪૦ ચો.વાર, ફ્રુવતલ, મહુડી રોડ, બ્લોક નં.૫૪ ક્ષેત્રફળ ૧૯૯૪૪ ચો.મી., મોજે ખાતે : અલુવા, કલોલ, ગાંધીનગર અને નીચે મુજબ ખૂંટ : પૂર્વ : પ્લોટ નં.૧૧, પશ્ચિમ : પ્લોટ નં.૨૪, ઉત્તર : બાઉન્ડ્રી વોલ, દક્ષિણ : પ્લોટ નં